મુબઇમા થયેલું ભયંકર હુલડ.

(હિંદુ અને મોહમેડન કોમ વચે થયેલાં હુલડનો હેવાલ.)

કવિતા રૂપે

રચનાર

કહાનજી ધર્મસિંહ

પ્રસિદ્ધ કરનાર

પુસ્તકોત્તેજક મંડળી

મુંબઈ:—

પારસી પ્રિન્ટિંગ પ્રેસ

સં ૧૯૪૯ ઇ સ ૧૮૯૩

કિંમત ૨ આના.

"નાથ કૈસે ગજકો બદ છુડાયા
કરો જન રક્ષણ શિવ સુખકારી,
એક અરજ છે એજ અમારી. કરો૰ (ટેક)
સકટ કટક નિવારી કૃપાળુ,
શાતિ આપો સુખકારી,
આપની ઓથ અનાથ અમે સહૂ
હાથ ગ્રહો ત્રિપુરારી કરો૰ ૧
ઝેર ઝનૂન કરો દૂર સત્વર,
સપ સુલેહ વધારી,
આર્ય મુસલમીન મન મેળવીને,
રાખે પ્રીતિ મિત્રાચારી કરો૰ ૨
અમલ વિમળ છે અગ્રેજી રાજ્યનો,
સ્વતત્ર છે નરનારી,
બધનાં ભારે આજ ભડકા જે તેમા,
એ દુ ખ છે ખેદકારી કરો૰ ૩
જીવ ચરાચરનુ શિવ જીવન,
અવિગત ને અવિકારી,
દુષ્ટ મારી ગરીબોને ઉ
દાખવી માયા તમારી

રાગ

"શેઠ સગાળશા સાધુને સેવે, "
મચ્યુ બડ મુબઈ માહીરે, રડે

" વત ઓગણી ઓગણપચાસ ને બીજે –
‘દીન’ જાગ્યુ તેથી, ઉગ્ર"
" જન

—

...ના હિંદુસ્તાનમા અને બ્રિટિશ

...મા સહુથી અગ્રેસર છે વેપારવણજમાં પહેલે નબર છે ને ત્યા નિત્ય લાખો કરોડોની ઉથલ પાથલ થાય છે. ત્યા પોલીસ અને પલટણનો પુરતો બદોબસ્ત છતા, સ૦ ૧૯૪૯ ના બીજા આશાડ વદ ૦)) શુકરવારથી ત્રણ દિવસ સુધીમા, અગાઉ કદી નહી બનેલો એવો, હિંદુ અને મુસલમાન કોમો વચે દુખદાયક દગો થયો છે. "મારો કાપો, દીન, દીન, હર, હર," ના ત્રાસ દાયક શબ્દો એ ત્રણ દિવસમા સભળાયા છે ને આખી મુબઈ મોટા ગભરાટમા ભયભીત થઈ ગઈ છે. આ બનાવનો સત્તાવાર હેવાલ પ્રકટ થયો નથી, પણ એટલુ તો જણાવવામા આવેછે કે, " આશરે ૧૫૦ કરતા વધારે માણસો મરણ શરણ થયા છે, ૮૦૦ થી વધુ માણસો ઘાયલ થયા છે. ૧૫૦૦ થી વધુ માણસો કેદ પકડાયા છે, ૧૫ થી વધુ દેવાલયોનો નાશ થયો છે. ૫ થી ૭ મસીદો તુટી છે ૪ થી ૬ દરગાહોનો નાશ

... ૫૦૦૦૦૦ થી વધારેની લુટ

...મોટા મલીને ૩૦ અમલ-

...મલદાર મી૦ વિન્સેટ પણ

...માણસ આવ્યુ છે ૧૦૦૦

...નાવી છે સૌ હજી પડાવ નાખીને

...૦૦૦ મુબઈની પોલીસે અથાગ શ્રમ

...જાગરા વેઠી આ તોફાનને શાત કીધ છે"

ઘણા લોકો ત્રાસથી ...

...ના એર્વા ઉચ્ચાટ,
... સરે, સહૂ જીવ લૈને નાશે ૨
...નરટ માસની તારીખ અગ્યાર, અઢાર ત્રાણુનુ સાલ;
નોધ થઈ ઇતિહાસમા તેની, સહજ આવવા ખ્યાલ,
લખુ છુ લોકને કાજે રે, થોડું વૃતાત હુ આજે. ૩
મ ગળદાસ બજારની પાસે, મોટી જે જૂમા મસીદ,
લોઢી ઠોકી નીકળ્યા બડખોરો, મુખે ભણી દીન દીન,
માર્યો માર સોટા લઇનેરે, વચન બહુ હલકાં કહીને. ૪
પોલિસ છેક અશક્ત થઈ પડી, ખાધો તેણે પણ માર;
કોટથી મોટા માજીસ્રેટ આવ્યા, આવ્યા ઘણા અમલદાર,
તથાપિ ન તે તણુ ફાવ્યુ રે, તોફાને બહુ હ ફાવ્યુ. ૫
કરી ધસારો દેવલ ઉપર, વિહ્વલ કીધા લોક,
બાર ફોડીને અ દર પેઠા, હુલ્લડખોર અથોક,
હિ દુ દેરા અભડાવ્યારે, ફોકટ લોકો ફફડાવ્યા ૬
પથ્થર લાકડી ને નળિયાથી, મારી જૂના હનુમાન,
સુ દર મ દિર પ દર જેટલા, કીધા ખેદાન મેદાન,
માથા કૈક લોકના ફોડયા રે, દુકાનોના તાળા તોડયા. ૭
નાગદેવીનુ મ દિર તોડવા, કીધી ઘણી તજવીજ,
કમાન તોડી દેવાને જનોએ, પણ તે ભાગ્યુ નહિજ,
દુકાનોમા કીધો ધસારો રે, લૂટી લીધો માલજ સારો ૮
ગુલાલવાડીના રામને રોળવા, પથ્થર ફે કયા અપાર,
રક્ષવાને ગયા હિ દુઓ તેમણે, ખાધો ખાંડીબંધ માર,
દગો એથી આગળ ચાલ્યો રે,રહ્યો નહિ કોઇનો ખાળ્યો ૯
ખેતવાડીના મારૂતી મારી, કકડા કરયા બે ચાર,
પૂજારાઓની પૂઠે લાગી, માર્યો મોકમ માર,
અતિ રકને રંજાડયા રે, સૂતા સાપો જગાડયા. ૧૦
...

મડમને મારી પાડીરે, અ૦

કામાટી લોકની કામિની કેરી, લૂટવા લા

વેર વસ્યુ તેથી કામાટિઓને, ઝેરનો નહિ અદાજ,
લીધા હાથ સોટા મોટારે, પીસી નાખ્યા કૈકના ટોટા ૧૨

ડકન રોડ ને ડુગરી ઉપર, ચાલ્યો કેર ચોફેર,
તે અટકાવવા પલટન ચાલી, નાગી લઈ સમશેર,
ગોળીના બારો કીધારે, બીજા બહુ ઉપાય લીધા ૧૩

મોડ માડ જ્યા શાત પડે ત્યા, જાગે બીજે પોકાર,
આભ ફાટે કહા થીગડુ દેવું, એવો બન્યોજ પ્રકાર,
ગઈ પોલિસ ગભરાઈ રે, ચાલી ચતુરાઇ ન કાઈ ૧૪

બધ પડી ત્રામવે આગગાડી, બધ ટપાલ ને તાર,
બધ વિશાળ નિશાળો થઈ ને, હારીસમા હાહાકાર,
ઘવાયા રસ્તે જનારારે, થયા નિરૂપાય બિચારા ૧૫

અમાસની હડતાલ હતી તેમા, આજે પડી પડતાળ,
મુબઈ પૂર ઉજાડ જેવું થયુ, સ્મશાન સમ બેહાલ,
લોકોને લીધા લૂટી રે, ખરેખરી હિમત ખૂટી ૧૬

સાઝ સુધીમા સેકડો લોકનો, નીકળી ચૂકો ઘાણ;
ગત વિષે પણ એવીજ રીતે, ચાલી રહ્યુ રમખાણ,
પછિ તોપે તાકી ઉડાવ્યારે, લુચ્ચા લોક હાથ જે આવ્યા ૧૭

પુનેથી ગોરી પલટન આવી, વાચિ તાબડતોબ તાર,
ભાલાથી માર્યા ભુડા જનોને, ચાલી લોહીની ધાર,
બાધી બધીવાન બનાવ્યારે, રહ્યા નહિ પણ અટકાવ્યા, ૧૮

લશકરી લોક વિમાસવા લાગ્યા, મશ્કરી જેવો તાલ,
કઇ બાજુ જાવુ ને શુ કરવુ, તેનો ન આવે ખ્યાલ,
પોલિસનુ પોલ કેવાયુ રે, અચાનક આ શું રચાયુ ? ૧૯

સનીવાર સ્હવારમા પહોચ્યો, મહારાણીજીને તાર,
[illegible]

... ચૂકી આગ;

...મ થઇ ગઇ, ભાગવાનો નહિ લાગ,

...ન મારામારી રે, બીહે બહુ નરને નારી ૨૧

મુબઇના આશરે નેવુ લોકો, મુબઇ એ કમ્મ આજ,

દોઢ કરોડના ઘરેણા ગાઠા, રાખ્યા રક્ષણ કાજ,

લૂટારાના કોપથી કપી રે, એહા નહિ જન કોઇ નથી ૨૨

મોતી બજાર ઝવેરી બજાર ને, બીજા વેપારી બજાર, ૫૩૩

બીતા બીતા ઉઘડી પડે બધજ, સાભળીને પોકાર

મુબઇની બધ થઇ મીલોરે ધધો પડયો છેકજ ઢીલો ૨૩

વાદરા કેરા કસાઇઓને, બુઘ્ને કીધા હાથ,

છરા ખેચી લઇ ફરવા દીધા, મળે ન ફિતુરી સાથ,

રચી એવી યુક્તિ મારી રે, મટે ઝટ હુલ્લડ ભારી ૨૪

સૂરત, પુના ને અમદાવાદમા, ફેલાયો આ ગભરાટ,

કાશમીર ને કલકત્તાના લોક કરે ઉચાટ,

મુબઇની મોકાણુ જાણીરે, થયા દીલ પાણી પાણી ૨૫

પદ—રામગ્રી.

"પદ્મોરે પોપટ રાજા રામના"—એ રાહ

હાક વાગી હનુમાનની, રામ મદદે પધારયા,

ઉગારી આર્ય સમસ્તને, રાક્ષસોને સહારયા હાક ૧

તેમજ આ કળી કાળમાં, કાળો કેર કરીને,

લોક હરામીને હણ્યા, હરિગે ...શુ ફરીને હાક. ૨

જૂની હનુમાનની ગલી, જુઓ મસ્જીદ પાસે,

ડકો પવનસુતનો સુણી, કપી ઉઠયા ચોપાસે! હાક ૩

અરિ દળને નિર્મૂળ કરી, પ્રલય રૂપ પ્રકાશ્યુ,

ચાલ્યુ અથાગ તોફાન તે, અતિ ભયભીત ભાસ્યુ હાક ૪

અકાળ કાળ થઇ ગયો, અતિ અધમનો એથી,

ફિટકારે આલમ દીલથી એવી થઇએ ...તી હાક ૫

કોઈ ગોરક્ષણુથી કહે, ...
કોઈ પ્રભાસના ત્રાસને, આડે લાવી ૭
જેમ જેને ગમે તેમ તે, દોષ દુનિયામા દેખે હાક
એવા તમામ નીમિતની, ઠીક સમજુતી થાતે,
યોગ્ય ઉપાય લીધા હતે, કદી મરત ન ઘાતે હાક ૮
રાખી એતુ વેર અગમા, હોય હુલ્લડ મચાવ્યુ,
નાશ એથી ઉલ્ટો થયો, એથી હાથ શુ આવ્યુ હાક ૯
મિત્રાચારી થકી થાય છે, એક મેકનુ સારૂ,
મૂકી એ ઉત્તમ માર્ગને, ચાલ્યા કરવા નઠારૂ. હાક ૧૦
ચેતી ચેતી હજી ચાલતા, નથી ચિંતા કશાની,
અરસપરસ સુખ શાતિથી, કાન મોજ મઝાની હાક ૧૧

લલિત.

ગરિબ લોકની વ્હાર આ સમે,સુજન સૌ કરો પ્રેમથી તમે,
જન અનાથ જે છેક છે થયા,વગર વારસુ રડવડે રહ્યા ૧
ઞુન ખરાબિથી નાશ છે થયો,જુલમ તેમનો જાય ના કહ્યો,
પટકિને કર્યો કેર કારમો,અજબ જાણિયે આજ આ સમો ૨
પુનિત મદિરોને પ્રજાળિયા, ધરમના રૂડા ધામ ટાળિયા,
ગજબ વાતછે ત્રાય ત્રાયરે, સુનડ રાજ્યમા હાય હાયરે ૩
પતિ વિયોગિ થૈ કૈક પ્રેમદા, જનક વીરહે રોય-સુત-સુતા,
પિતુ રડે વળી બાળકાળથી,રૂદન માતનુ શુ કહુ કથી ૪
શરમની બની વાત એ ખરી,સુહૃદ દિલ બળે પર પીડે કરી,
અતિ અધર્મ એ આજછે થયો, ખચિત ખેદ ને જાયના
સહ્યો ૫
સુજન રકને પોષિ પાળવા,અનથનાહિકે દુખ ટાળવા,
શુભ ઉપાય લૈ સાહ્યતા કરો,જર જરૂર દૈ દુખડા હરો. ૬

ગરબો.

"... ... ... ને ... ..." — એ રાહ.

કાળો ૧

... બાગાનમા જો,

... મોટાં મંદિર ને મકાનમા જો કાળો ૨

ગયા હાજા હિંદુઓના ગડગડી જો,

રંગ રાખ્યો ધાટી લોક લડી જો કાળો ૩

શુધ્ધ બુધ્ધ વિના ફરે છે બેબાકળા જો;

થયા લુચ્ચા લોકો જે અતિ આકળાજો કાળો ૪

કર્યા ખૂન ને ખરાબિ સનાની થકી જો,

વાળ્યો ધાણ જાણજો તેમનો નકી જો કાળો ૫

બાળી મસીદોને હરગા ખસેડીઓજો,

જડી જુલમી જનોને હાથ બેડીઓ જો કાળો ૬

લોથ પોથ થયા બડખોર ધાતકી જો,

તોય નરમ પડયા નહિ તેઓ નકી જો કાળો ૭

જોર મુશક જેવુ મસ્તાનનુ જો,

શૂર દાખવ્યુ તથાપિ પ્હેલવાનનુ જો કાળો ૮

લોક મિલ્ની જેવા જે બહુ બ્હિકણા જો,

કર્યા ઠાર શત્રુને ન રાખી મણા જો કાળો ૯

મરાઠી ચાલની સાખી.

મુસલમાનના લત્તામાં જે હિંદુ હતા વસનારા,

પડોશિઓના ત્રાસે કરીને, કંપિત થયા બિચારા ૧

સરકારે સુવિચાર કરીને, ધર કરાવ્યા ખાલી,

માધવબાગ મહાજન વાડી-મા રાખ્યા સભાળી ૨

આર્ય પ્રજાએ આપી તેને, મદદ શુભ આ ટાણે,

અન્ન વસ્ત્ર ને વાસણ કેરી, વૃષ્ટિ થાતી જાણે ૩

ગ્રહણ સરખો પુણ્ય કાળ આ, જાણી જન શ્રદ્ધાળુ,

દીન જનોને દાનજ દેવા, થયા પરમ કૃપાળુ. ૪

ઘેર ધર ભમતા ગરિબ લોકો લૈ શિરપર ઉચાળા

કાઠિયાવાડે નં ગુજરાત...
પોલિસ થાળી ઠોકી રોકે, પણ ...
ઘાચી મોચી ને ગુજરાતી, સઈ સુનાર લુહાર,
સોની સાળવી માળવી લોકો, ભાગ્યા ભણી પુકાર ૭
મારવાડે ને મેવાડે પણ, ચાલ્યા લોક અપાર
હરકતમા થઈ બરકત મોટી, ગાડીને આવાર ૮
નરનારી ગમગીન થયા ને, બાળક કરે રૂદન,
અતિ કલ્પાત ઝુરી ગભરાયે, દોહ્યલા લાગે દિન ૯
અંધ બજારે જણસ ન મળે, તેથી સહુ બેજાર,
હુલ્લડનો હિંગામ થવાથી, લોક બન્યા લાચાર ૧૦
સુંદર મંદિર બંધ થયા ને, ઠામ ઠામ ઉજાડ,
પહાડ સરિખા પુરૂષ પડિયા, ભાગ્યા તેના હાડ ૧૧
જાહેર રસ્તે ઝપાઝપી, કાપાકાપી ચાલી,
ભ્રમ ઉડી બહુ વાતની તેથી, બેઠા જન ઘર ચાલી ૧૨
વેશધારી ફરતા આ ટાણે, લોકનો કરવા નાશ,
આગના જેવા ભડકા ઊઠે, ઘડી વડી ચોપાસ ૧૩
બૈયાઓને રૂપૈયા દઈ, રાખ્યા ચોકી કાજે,
પેંડા બરફી ખુબ ખવાડે, આજે ઉરની દાઝે ૧૪
વાંકડા મરદો રાંકડા થઈને, ઘર ખૂણે સંતાણા,
નિર્ધન ને ધનવાનો જાણે, આજ સમાન ગણાણા ૧૫
મદ મૂકીને મ્હાજન મનથી, સોટા સોર કરેછે,
ઘડિ પલમા શુ ગજબ થાશે, દીન વચન ઉચરે છે ૧૬

બંઝારો.

"મુજે છોડ ચલા બંઝારા"—એ રાહ

ધન ધન લોકો કામાટી, ગુણવંત ખરેખર ઘાટી (ટેક)
તન વીર રૂધિરથી ધોયુ, પાણી વાણી ના જોયુ;
તોડી તેફાની તાટી, ધન ધન લોકો કામાટી ૧

, ન ધન લોકો કામાટી ૨
, બહુ શૂરા, આગ્રહમા નહિ અધૂરા,
દુશ્મનને દીધા દાટી, ધન ધન લોકો કામાટી ૩
કેસરિયા કીધા હાથે, મરદાની જુસ્સા સાથે,
ઝટ ફિતુરની ફે ફાટી, ધન ધન લોકો કામાટી ૪
છો પેશવાઇના અંશી, શ્રી શિવાજીના શુભવંશી,
નહિ મેગી તમે તો માટી, ધન ધન લોકો કામાટી ૫
ઈશ્વર યશ તમને આપે, આનંદે નિશદિન થાપે,
નહીં દગો દેશહિત સાટી, ધન ધન લોકો કામાટી ૬

પદ

"કબ સમરોગે રામ અબ તુમ"—એ રાહ

મરવાથી શું ડરવુ, ભાઈ, મરવાથી શુ ડરવુ ? (ટેક)
મોડુ વેલુ એકજ વેળા, છે માણસને મરવુ,
રોગે ભોગે રણ સંજોગે, નથી નથી ઉગરવુ ભાઈ૦
નિંદાઈ નામર્દ ગણાઈ, પાછુ પગલુ ભરવુ,
એ જિવ્યાથી મરવુ સારૂ, કે સ્વર્ગે સંચરવુ ભાઈ૦
શૂરવીરનો સદાય જય છે, અવિચળ પદ તે ધરવુ,
હિંમત આગે શત્રુ ભાગે, થાય દુ ખથી તરવુ ભાઈ૦
સતાઈ કાયર ડરવુ ને, સબળ અરિદળ કરવુ,
એમ છતા પણ તનમન તે તો, કાન કહે પરહરવું ભાઈ૦

લાવણી.

"સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે"—એ રાહ

ઝટ કરો સંપ સુખકાર, મૂકી જુદાઇ,
નહિ લડવામા કંઇ સાર, વિચારો ભાઈ (ટેક)
જો થયો હોય અન્યાય, ન્યાય તો માગો,
છો ...

ખાલી શુ ખટપટ કરે, [illegible]
નર મૂરખ મમતે મરે, વ્યર્થ ઉભરાઈ,
નહિ લડવામા કઈ સાર, વિચારો ભાઇ —ઝટ
જે ગુન્હેગાર જન હશે, પામશે શિક્ષા,
જે જુલમગાર જન હશે, થશેજ પરીક્ષા,
છે ન્યાય નીતિનો નિયમ, અસલથી એવો,
તે મૂકી ઉલટો માર્ગ, ઘટે ના લેવો
છે સમાધાનિમા શાતિ સૂખ સરસાઈ,
નહિ લડવામા કઈ સાર, વિચારો ભાઇ —ઝટ ૨
જે જુલમગારની વ્હાર, કરે તે પાપી,
નહિ મનાય તે કો વાર, ઉદાર પ્રતાપી,
સમજુ જાણી નિજ ધર્મ, અધર્મજ ટાળે,
તે આડે આવે દુષ્ટ, કષ્ટ દઇ ખાળે
શુભ અર્થે મરવુ કદી, એજ મરદાઇ,
નહિ લડવામા કઇ સાર, વિચારો ભાઇ —ઝટ. ૩
છે એકજ મગની ફાડ, મુસલમીન હિંદુ,
તે બે વચ્ચે જે ફાટ, તેજ હુ નિંદુ
છે ધર્મ અધર્મે વેર, વેર હા ના-ને,
તેથી આ કાળો કેર, થયો તોફાને
કે ઘાયલ ને કે મુવા, છેક રેસાઈ,
નહિ લડવામા કઈ સાર વિચારો ભાઈ —ઝટ ૪
છે ઉભય પ્રજાને દુખ, અભય નહિ કોઈ,
ખાલી ઘરમા ગભરાઇ, રહ્યા શુ જોઈ,
તમે કરો એક ઇકરાર, સંપનો સાથે,
અડચણ આવે ન લગાર, કદી કો માથે
શુભ સુયશ લહો શુરવીર, શ્રમ નથી કાઇ,